# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧.

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com


ક્રમાંક: મા-૩/સેવા જોડાણ/૨૦૨૬/5979

તા. ૨૫/૦૪/૨૦૨૬.

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ-સુરત.

<u>વિષય :</u> આચાર્ય અને જૂના શિક્ષકની સેવા જોડાણની દરખાસ્ત મંજુર થયેલ કેસોની અસલ સેવાપોથી અને પૂર્તતા હેઠળનાં કેસો રૂબરૂ પરત લેવા બાબત.

<u>સંદર્ભ :</u> નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક) કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:-COS/NKJ/e-file/276/2026/0960/SECONDARY/pen-1,તા-૨૩/૦૪/૨૦૨૬.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભપત્રો અન્વયે જણાવવાનું કે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂક અને શિક્ષકમાંથી જૂના શિક્ષક તરીકે નિમણૂક પામેલ હોય અને નાણા વિભાગનાં તા:-08/11/2024 અને તા:-16/04/2025ના ઠરાવની જોગવાઈ મુજબ જૂની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓનાં કેસોમાં સેવા જોડાણની દરખાસ્ત અત્રેની કચેરી દ્વારા રૂબરૂ તા-૨૨/૦૪/૨૦૨૬ (બુધવાર)ના રોજ ગાંધીનગર ખાતે રજૂ કરવામાં આવેલ હતા. જે સેવા જોડાણની તમામ દરખાસ્ત પૈકી મંજુર થયેલ કેસોની અસલ સેવાપોથી અને પૂર્તતા હેઠળ આવેલ કેસોને રૂબરૂ પરત લેવા માટે નીચે જણાવેલ કેમ્પમાં સ્થળ, તારીખ અને સમયે આચાર્યશ્રી અને જાણકાર કર્મચારીએ ફરજિયાતપણે હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.

| કેમ્પનું સ્થળ | કેમ્પની તારીખ અને વાર | કેમ્પનો સમય |
|---|---|---|
| એમ.એન.જે.પટેલ માધ્યમિક શાળા, વરાછા રોડ, સુરત. | તા-૨૯/૦૪/૨૦૨૬ (બુધવાર) | સવારે ૧૦.૩૦ થી ૧૫.૦૦ કલાક સુધી |

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત. જિ-સુરત.